THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः | तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતરદૃષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-7 | August–2022 | No. 63

## અનુક્રમણિકા

1. **૧૦૧ મા વર્ષની સફરમાં...**
બ્રહ્મવિદ્યા ઉપાસક, જે.કૃ.ના ચાહક, મહાન સેવક...
શ્રી ચંદુભાઈ એચ. પંડ્યા ..........................શ્રી હર્ષવદન શેઠ 3

2. ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ ................શ્રી ધવલ શેઠ 7

3. શબરીનું બોર ખરી પડ્યું...!! .....................શ્રી ગિરીશ 'નીલગિરિ' 9

4. "૧૨૭મું ઇન્ડિયન સેક્ષન કન્વેન્શન" .............શ્રી દર્શન મોદી 12

5. જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ સંસ્મરણ અને વ્યક્તિત્વ .. શ્રી હર્ષદ દવે 13

6. મહા સૌજન્ય ......................................... 16

7. શ્રદ્ધાંજલિ ............................................. 17

8. શાખા સમાચાર ....................................... 19

9. આપણો પુસ્તક પ્રેમ .................................શ્રી પ્રવિણ માંડલિયા 20

Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Published & Printed at : Ahmedabad

**આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. — તંત્રી**

# થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, "હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

## ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી** ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**

મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી** સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**

ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

**બુક સ્ટોલ મેનેજર**

શ્રી પ્રવિણભાઈ માંડલિયા
સી/૩૧૧, કેસરીયા હનુમાન રોડ,
એમ.જી.ટી. ટ્યુશન ક્લાસ પાછળ,
શ્રી રામનગર, કાળિયાબીડ, ભાવનગર - ૩૬૪૦૦૧૨
મો. : ૯૪૨૬૧૬૪૫૫૭

**પ્રમુખશ્રીનું સરનામું**

શ્રી નરેશભાઈ એ.ત્રિવેદી
૩૦૫, નંદનવન એપાર્ટમેન્ટ, સરદારબાગ સામે,
જુનાગઢ-૩૬૨૦૦૧ મો. : ૯૮૭૯૦ ૬૫૨૦૦

### ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૯૦૪, ધરતી સાકેત હાઈટ્સ, શુકન ગ્લોરી સામે,
આનંદ સફાયર પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ – ૩૮૨ ૪૮૧
મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪
E-mail-gtfsecretory@gmail.com

### થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર
શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા
એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩
(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨

### "થિયોસોફિક જ્યોતિ"ના લવાજમના દર

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન (મર્યાદા ૧૦ વર્ષ) | રૂ.૧૦૦૦/- |

### "થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફ્ટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
**મો. – ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫**
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

**GTF Jyoti Prakashan Fund**


Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 01360)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# ૧૦૧ મા વર્ષની સફરમાં... બ્રહ્મવિદ્યા ઉપાસક, જે.કૃ.ના ચાહક, મહાન સેવક... શ્રી ચંદુભાઈ એચ. પંડ્યા

સંપાદકીય

પ્રસ્તુતિ
**શ્રી હર્ષવદન શેઠ**



શ્રી ચંદુભાઈ એચ. પંડ્યા
૮૦ ના દાયકામાં...

'થિયોસોફિક જ્યોતિ'ના શતાબ્દિ અવસરે જે જીવંત વ્યક્તિત્વને આપણે ૧૦૧મા વર્ષની સફરમાં અનુભવ્યું છે; પ્રેરણા પામવી છે, જાણ્યું છે; સન્માનવું છે; તે છે... બ્રહ્મવિદ્યા ઉપાસક, જે. કૃષ્ણમૂર્તિના ચાહક અને થિયોસોફિકલ સોસાયટીના મહાનતમ પણ અદના સેવક શ્રી ચંદુભાઈ હિમ્મતરામ પંડ્યા. ૨૧મી માર્ચ ૧૯૩૦ ના રોજ હિમ્મતનગર તાલુકાના કડોલી ગામે જન્મેલા શ્રી ચંદુભાઈએ આણંદની ચરોતર એજ્યુકેશન સંસ્થામાં અભ્યાસ કરીને મેટ્રિક પાસ કરેલી.

સ્વભાવે સેવાભાવી અને નિષ્કામ કર્મ પરાયણ હોવાને લીધે થિયોસોફિકલ સોસાયટીના ત્રણ મહાન ઉદ્દેશોથી આકર્ષાયાં. અધ્યાત્મ જગતના માર્ગે વિચરવું નૈસર્ગિક બન્યું. મેડ્મ બ્લેવેટ્સ્કી અને કર્નલ ઓલ્કોટના જીવન અને કાર્યો વિષે અભ્યાસ કર્યો. ડૉ. એની બેસન્ટ અને લેડબીટર સાહેબે જે. કૃષ્ણમૂર્તિને તૈયાર કરવામાં જે રસ દાખવેલો તથા સંપૂર્ણ જવાબદારી લીધેલી તે તમામ બાબતો તેમના હૃદયમાં વસી ગઈ હતી; જે અંગેનો ઉલ્લેખ શ્રી ચંદુભાઈ પોતાના વાર્તાલાપોમાં ઘણીવાર કરી ચૂક્યા છે.

શ્રી હરજીવન આશ્રમની સ્થાપના કડોલી મુકામે 'અડ્યાર ડે' નિમિત્તે એટલે કે ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૬૦ના રોજ ગુ. થિ. ફેડ.ના પ્રતિભાસંપન્ન કાર્યકર શ્રી હરજીવનદાસ મહેતાના વરદ હસ્તે કરવામાં આવી હતી. તે સમયમાં ઋષિ પ્રતિભાસંપન્ન અને કર્મનિષ્ઠ એવા શ્રી હરજીવનદાસના નામને ઉજાળે તે હેતુથી કડોલી લોજનું નામ શ્રી હરજીવન આશ્રમ રાખવામાં આવ્યું હતું. શ્રી ચંદુભાઈ પોતાના દિવંગત જ્યેષ્ઠ ભાઈ શ્રી રામશંકર હિમ્મતરામ પંડ્યા સાથે અત્યંત સક્રિય રહીને લોજના કાર્યોની જવાબદારી ઉપાડેલી. તેમની સાથેના સ્થાપક સભ્યોમાં શ્રી વલ્લભરામ વેણીરામ પંડ્યા, શ્રી મગનભાઈ બબાભાઈ મોચી, શ્રી જગતસિંહ અમરસિંહ રાઠોડ, શ્રીમતિ મણિબેન વલ્લભરામ પંડ્યા તથા શ્રીમતિ સમરથબેન દામોદરભાઈ પંડ્યા મુખ્ય હતાં. આ સ્થાપના દિવસે વિજાપુરથી પોતાના પિતાશ્રી મોહનલાલ શેઠ સાથે આ લખનાર તેની ૯ વર્ષની ઉંમરે કડોલીના સ્થાપના સમારંભમાં પહોંચેલ અને હરજીવનદાદાના તથા વલ્લભદાદાના આશિર્વાદ પ્રાપ્ત કરેલાં.



શ્રી ચંદુભાઈ પંડ્યા અને
શ્રી શંકરભાઈ પટેલ
લોજ મીટીંગમાં

કડોલી ઉત્તર ગુજરાતનું નાનુ ગામ હોવા છતાં આ લોજને પોતાનું મકાન છે; જે શ્રી રામશંકર અને શ્રી ચંદુલાલભાઈએ પોતાના પિતાશ્રી હિંમતરામ પંડ્યાના સ્મરણાર્થે ભેટ આપેલું છે. આવી સખાવત બંને ભાઈઓની થિયોસોફિકલ પ્રવૃત્તિઓ માટેની પ્રતિબદ્ધતા

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**
**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**

દર્શાવે છે. આજે આ મકાન વધુ સાધનસંપન્ન બન્યું છે તેનું આપણને સૌને ગૌરવ છે.

શ્રી ચંદુભાઈ ગાંધીજીની વિચારધારાને અનુસરીને પોતાના વસ્ત્રો ખાદીનાં જ હોવા જોઈએ તેવો વિશેષ અનુરાગ આજે પણ ધરાવે છે. તેમના ધર્મપત્ની દિવંગત મધુબેન પંડ્યાએ તેમને ઉત્તમ સાથ આપ્યો હતો. અડ્યાર કન્વેન્શનમાં સાથે જ જતાં. તે સિવાય પણ જ્યાં જ્યાં શિબિરો અને અધિવેશન યોજાતાં ત્યાં પણ મધુબેન તેમનો પડછાયો બની રહેતાં. તેઓનાં સંતાનોમાં જ્યેષ્ઠ પુત્રી પુનિતાબેન કાલીદાસ વ્યાસ, જ્યેષ્ઠ પુત્ર શ્રી પિનાકીનભાઈ પંડ્યા, અનુજ પુત્ર શ્રી કમલભાઈ પંડ્યા અને અનુજ પુત્રી બંસરીબેન પંડ્યા છે. કડોલીમાં શ્રી ચંદુભાઈનું ઘર થિયો. સોસા.ના તત્કાલીન કાર્યકરોનું રહેઠાણ બની ગયું હતું. આજે ૯૩ વર્ષની ઉંમરે પણ એ જ પરંપરા યથાવત્ છે. જો કે હાલમાં તેઓ મોટે ભાગે હિમ્મતનગર રહે છે.


શ્રી ચંદુભાઈ... કડોલી ગામના મંદિરમાં...


શ્રી ચંદુભાઈનો વ્યવસાય મુંબઈમાં ખૂબ જ વિકસ્યો. દાદરમાં શ્રી લક્ષ્મીવિજય લોજ ગેસ્ટ હાઉસનું સફળ વ્યાવસાયિક સંચાલન પોતાના મોટા ભાઈ સાથે કર્યું. ત્યાં પણ જે. કૃષ્ણમૂર્તિને સાંભળનારા ગુજરાતના ઘણાં સભ્યોનું આતિથ્ય કરેલું. પોતે પણ જે. કૃષ્ણમૂર્તિને મુંબઈમાં ક્યારેય ચૂક્યા નથી. મુંબઈમાં જ્યાં જ્યાં પણ તેમનાં પ્રવચનો થતાં, ત્યાં ત્યાં શ્રી ચંદુભાઈ તેમને સાંભળવા પહોંચી જતા. આજે પણ જે. કૃષ્ણમૂર્તિ અંગેની વાત રજૂ કરતાં તેઓનાં ચહેરા ઉપર અનેરી રોનક છવાઈ જાય છે. સાચા અર્થમાં તેઓ જે. કૃ.ના ચાહક છે.

શ્રી ચંદુભાઈ પોતાના સંતાનો ઉપરાંત પોતાના કુટુંબીજનોનાં સંતાનોનાં શિક્ષણ પ્રત્યે પણ રસ દાખવતાં. કુટુંબની વ્યક્તિના વિકાસ માટે તન, મન, ધનથી સહાયભૂત બની રહેવાને લીધે સંપૂર્ણ પંડ્યા પરિવાર માટે તેઓ ગૌરવપુરુષ અને પ્રેરણામૂર્તિ બની રહ્યાં છે.

આ લખનાર તંત્રીશ્રીને તેમનો પરિચય ૧૯૭૩માં અમદાવાદ નજીક સોલા ભાગવત વિદ્યાપીઠ મુકામે યોજાયેલ એક શિબિરમાં થયેલો. તે વખતે રાધા બર્નિયરજી શિબિરનાં મુખ્ય અતિથિ હતાં. આ લખનારની ઉંમર ૨૧ વર્ષની હતી. શ્રી ચંદુભાઈએ ભોજન વ્યવસ્થાની જવાબદારી સંભાળેલી. આજે પણ તેમના તે વખતનાં કાર્યને ભૂલી શકાય તેમ નથી, તે પછી તો કાયાવરોહણ શિબિર, સૂરતનું અધિવેશન, કરમસદનું અધિવેશન, વડોદરા, ભાવનગર અને અમદાવાદનાં અધિવેશનો તથા અભ્યાસવર્ગો દરમિયાન તેમની હાજરી અત્યંત સૂચક બની રહેતી. બ્રહ્મવિદ્યાના ઉપાસક તરીકેની તેમની અનોખી પ્રતિભાના દર્શન આ લખનારે કર્યા છે જે નિર્વિવાદ હકીકત છે.

થિયોસોફિકલ સોસાયટીના જે કાર્યકરો સાથે તેમનો ઘરોબો કેળવાયેલો તેવાં દિવંગતોમાં શ્રી કેશવલાલ જાની, સ્વ. વીરાબેન દસ્તુર, શ્રી શિવલાલભાઈ મોદી, પૂજ્ય હરજીવનદાદા, શ્રી રોહિતભાઈ મહેતા, કમળાબેન ઠક્કર, સીતારામ મહારાજ, બચુભાઈ સુતરીયા, અરવિંદભાઈ દેસાઈ, મધુસુદન ચાંપાનેરીયા, અતિસુખભાઈ શેઠ, રાજેન્દ્રભાઈ ત્રિવેદી, ભક્તરાજ ઘોસટકર મુખ્ય હતાં. હાલમાં મુંબઈ ફેડરેશનનાં ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. અજયભાઈ હોરા પણ શ્રી ચંદુભાઈના થિયોસોફિક કાર્યથી અત્યંત પ્રભાવિત થયેલાં છે.

**સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ**


શ્રી હરજીવન આશ્રમ લોજ મીટીંગમાં... પ્રમુખ સ્થાનેથી સાંભળતાં...

બ્રહ્મવિદ્યાનાં ઉપાસક તરીકે જે મહાન સેવકની ભૂમિકામાં રહે છે તેને કોઈ જ પદની આકાંક્ષા હોતી નથી. આ શ્રેણીમાં શ્રી ચંદુભાઈની ગણના થાય છે કારણ કે ગુજરાત થિયો. ફેડ.ના પ્રમુખ તરીકે તેઓ આમંત્રિત થઈને વરણી પામેલાં અને પ્રમુખ તરીકેની જવાબદારી સુપેરે નિભાવેલી. આંતરરાષ્ટ્રીય મથક અડ્યારમાં પણ તેમણે કેટલોક સમય ત્યાં રહીને સેવા આપેલી. તત્કાલીન પ્રમુખ સ્વ. રાધા બર્નિયરે તેમને અડ્યારમાં સ્થાયી થઈને કાર્ય કરવા આમંત્રિત કરેલાં પરંતુ પારિવારિક કાર્યો પૂર્ણ કરવાની જવાબદારી પણ અત્યંત અગત્યની હોવાથી રાધાજી તેમનાં મનોભાવોને સમજી ગયેલાં !

પોતાના મોટાભાઈ સ્વ. રામશંકરભાઈ પંડ્યાના બંને પુત્રો શ્રી વિનાયકભાઈ પંડ્યા તથા શ્રી ભાવેશભાઈ પંડ્યા મુંબઈની બ્લેવેટ્સ્કી લોજનાં સભ્યો છે અને સંનિષ્ઠ કાર્યકરો છે. શ્રી વિનાયકભાઈ પંડ્યા હાલમાં મુંબઈ ફેડરેશનનાં પ્રમુખ સ્થાને છે.

શ્રી હરજીવન આશ્રમ, કડોલીની છ દાયકાઓની યાત્રાના તેઓ સ્વપ્નદૃષ્ટા અને કર્મઠ સભ્ય બની રહ્યાં છે. તેમના સહિયારા પુરુષાર્થમાં તત્કાલીન સ્થાપક સભ્યો ઉપરાંત વર્તમાન સિનિયર તેમજ યુવા સભ્યો માટે પણ દીવાદાંડી સમાન બન્યાં છે. શ્રી હરજીવન આશ્રમ લોજને આધુનિક સંસાધનોથી સંપન્ન કરવામાં આજે પણ ૯૩ વર્ષની ઉંમરે તેમનો ઉત્સાહ અને પુરુષાર્થ ચમત્કૃતિ સર્જે છે. ગુજરાત ફેડરેશનની શ્રેષ્ઠ લોજનો ખિતાબ પણ શ્રી હરજીવન આશ્રમને ફાળે ગયેલો. કડોલીમાં બે વખત ફેડરેશનોનું આયોજન કરીને તથા એક વખત અભ્યાસ વર્ગ યોજીને પોતાની બ્રહ્મવિદ્યા ઉપાસક તરીકેની નિષ્ઠા અને જવાબદારીનો સહજ પરિચય કરાવેલો. સ્વ. વીરાબેન દસ્તુરના કાર્યથી તેઓ એટલાં બધાં પ્રભાવિત થયેલાં કે બીજા અધિવેશનમાં તેમના માનમાં 'સ્વ. વીરા દસ્તુર સ્મૃતિ સભામંડપ' એવું નામાભિધાન કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ બાબત આજે પણ અન્ય સભ્યો માટે પ્રેરણાદાયી છે. પોતાના સાથી કાર્યકરોની નિષ્ઠા અને કાર્યપ્રણાલીને પણ અનુમોદન આપવામાં તેમણે ક્યારેય પણ રાહ જોઈ નથી. પોતાની લોજના અન્ય સક્રિય સભ્યોને લોજ કાર્યમાં પ્રોત્સાહન આપતાં જ રહે છે. આજે પોતાના સૌથી જૂના સાથી શ્રી ચુનીભાઈ પટેલ માટે ગૌરવ અને આદર સેવે છે. શ્રી ચુનીભાઈ પણ જૈફ વયને લીધે સક્રિય રહી શકતાં નથી. શ્રી શંકરભાઈ પટેલ, દિવંગત ડાહ્યાભાઈ પટેલ, દિવંગત હરિહર પંડ્યા, શ્રીમતિ સરોજબેન પંડ્યા, શ્રી છગનભાઈ પંચાલ, શ્રી શંકરભાઈ પંચાલ, શ્રી શંકરભાઈ પટેલ, શ્રીમતિ કૈલાસબા, શ્રી નરેન્દ્ર પટેલ વગેરે સભ્યોનાં સહચર બની રહ્યાં છે.


મુંબઈ ફેડરેશનના પ્રમુખશ્રી વિનાયકભાઈ પંડ્યા સાથે...

**સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર**

ફક્ત થિયોસોફિકલ સોસાયટીનાં જ સભ્ય નહીં પરંતુ બ્રહ્મવિદ્યાનાં ઉપાસક તરીકેની તેમની સાધના અને સમજણ અત્યંત વિકસીત થતી રહેલી છે. ઈસોટરીક (ગૂઢ વિદ્યા) જ્ઞાન શાળાનાં જવાબદાર શિસ્તબદ્ધ અભ્યાસુ વ્યવસ્થાપક રહેવાથી, સુક્ષ્મસ્તરનાં પ્રવાહો, આત્મિક બળ અને જીવન શુદ્ધિ સતત અનુભવવાથી આજે ૯૩ વર્ષે પણ શારીરિક તકલીફો છતાંયે જીવનમુક્ત મહાત્માઓમાં રહેલો વિશ્વાસ તેમને વધુ પ્રેમાળ અને સ્વસ્થ બનાવે છે. મેસોનીક સંસ્થામાં પણ શ્રી ચંદુભાઈ જોડાયેલા. મુંબઈ તથા અમદાવાદની મીટીંગોમાં હાજર રહીને તે ક્ષેત્રમાં પણ પ્રગતિ સાધેલી છે. વળી ટી.ઓ.એસ.નું કાર્ય પણ પોતાની યથાશક્તિ મુજબ કરેલું છે. બહુમુખી પ્રતિભા સંપન્ન વ્યક્તિત્વ ધરાવતાં મુરબ્બી શ્રી ચંદુભાઈને 'થિયોસોફિક જ્યોતિ'નાં શતાબ્દિ પ્રસંગે ગુજ. થિયો. ફેડ.ના સૌ સભ્યોની શુભેચ્છાઓ, સહકાર અને પ્રિતી પ્રાપ્ત થતી રહે તેવી અભ્યર્થના ! આપણા મેગેઝનીનાં ૧૦૧મા વર્ષની સફરમાં આવું વિરલ વ્યક્તિત્વ આજે આપણી વચ્ચે હોવાથી આપણે ખરેખર ગૌરવાન્વિત થઈએ છીએ... અસ્તુ !

**(ઋણ સ્વીકાર : સદર લેખ તૈયાર કરવામાં કડોલીના શ્રી દિપકભાઈ પંડ્યાનો સાથ અને સહકાર મને પ્રાપ્ત થયો છે.)**

---

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન તથા યજમાન સનાતન લોજ, સુરત દ્વારા આયોજિત 'થિયોસોફિક જ્યોતિ' શતાબ્દી સ્મૃતિ શિબિર (એક દિવસીય) તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ ને રવિવારે સવારે ૯ થી બપોરે ૨.૦૦ કલાક દરમિયાન યોજાશે, જેની નોંધ તમામ લોજોના સભ્યોને લેવા વિનંતી છે.

વિગતવાર કાર્યક્રમ હવે પછીના 'થિયોસોફિક જ્યોતિ'ના આગામી અંકમાં પ્રકાશિત થશે.

---

## —: મહા સૌજન્ય :—

દાર-એ-સલામ લોજ ઓફ થિયોસોફિકલ સોસાયટી ઈન ઈસ્ટ એન્ડ સેન્ટ્રલ આફ્રિકા તરફથી રૂા. ૫૦૦૦/- વિશેષ મહા સૌજન્ય સ્વરૂપે જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડમાં પ્રાપ્ત થાય છે. 'થિયોસોફિક જ્યોતિ'ની **PDF** ફાઈલ ઈ-મેઈલ દ્વારા ત્યાંના સભ્યોને નિયમિત મળે છે. જે વાંચીને ત્યાંના સભ્યો જી.ટી.એફ.ના કાર્ય માટે ગૌરવ અનુભવે છે અને 'મહા સૌજન્ય' સ્વરૂપે 'થિયોસોફિક જ્યોતિ'ના શતાબ્દિ પ્રસંગે શુભેચ્છાઓ વ્યક્ત કરે છે.

---

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા**

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ

વસ્તુઓની ગૂઢબાજુ

સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ
શ્રી ધવલ શેઠ
રોહિત લાંજ

*ગતાંકથી આગળ...*

**ન દેખાતાં લોકોની આપણા પર અસર**

**પુસ્તક લખવું**

કુદરતી રીતે જ એરિન્ઝિમાન પોતાના સમય પ્રમાણે લખે છે. તે એવી પરિભાષા અને શબ્દાવલીઓનો ઉપયોગ કરે છે કે જેનાથી તે પોતે પરિચિત હોય. પરંતુ તેમાનું ઘણું આપણને આજના સમય પ્રમાણે વિચિત્ર લાગી પણ શકે છે. તે પોતાના સંકેતોને વાસ્તવિક તથ્યો સાથે ગૂંચવી નાંખે છે. એ વાસ્તવમાં સાચુ નથી જ્યારે એરિન્ઝિમાન એવું માને છે કે મનુષ્યો ત્રણ મોટા સમૂહોમાં વહેંચાયેલા છે અને આ ત્રણે સમૂહોનાં વડા તરીકે એવાં દેવો છે કે જેઓ સફેદ, લાલ અને સોનેરી રંગનાં તારાઓ ધરાવે છે. આ એટલું જ ભૂલ ભરેલું છે કે જ્યારે આપણે એવું માનીએ છીએ કે ફીબસ રોજ પોતાનો રથ લઈને આકાશમાં પૂર્વથી પશ્ચિમ તરફ જાય છે અથવા તો ક્રિસમસનાં સમયે સૂર્યદેવનો ફરીથી જન્મ થાય છે કે જ્યારે દિવસો લાંબા થતા જાય છે. પરંતુ એ વાત સાચી છે કે અમૂક પ્રાચીન ધર્મોએ સંકેતોની ભાષાનો ઉપયોગ કરેલો છે અને જે મનુષ્ય એસ્ટ્રલ જીવનમાંથી પસાર થાય છે અને જેના મનમાં પણ આ જ સંકેતો પડેલા હોય તે એસ્ટ્રલ જગતની દરેક બાબતોનું આ સંકેતો પ્રમાણે અર્થઘટન કરે છે. આનાથી હકીકતોનો છેદ થઈ જાય છે.

એ પણ સત્ય છે કે સ્પિરિટ્સની હયાતી છે અને તેમની પણ પોતાની ઉત્ક્રાંતિ છે, પરંતુ તેમની સાથે આપણે સંપર્કમાં આવતા નથી અને એરિન્ઝિમાન પણ તેમના વિષે કશું બોલતો નથી. તે માને છે કે તેને દેખાતા પ્રકાશ અને અંધકારનાં દેવો એવાં દરેક મનુષ્યની પાછળ હોય છે કે જેમણે પૃથ્વી પરનું પોતાનું જીવન વ્યતિત કરી લીધેલું છે. મનુષ્યના જુસ્સાથી રચાતા વિચારરૂપોનું તે આબેહૂબ વર્ણન કરે છે, પરંતુ તે દુનિયાની વાસ્તવિકતાઓ અને ક્ષણિક વિચારરૂપો વચ્ચેનો ફરક સમજી શકતો નથી.

ખરેખર, જો તેનું વર્ણન એસ્ટ્રલ જગતનાં દૃષ્ટિકોણથી પ્રાચીન પર્શિયાનાં જ્ઞાનને બતાવતું હોય, તો તે વર્ણન ઓછું વૈજ્ઞાનિક અને ઓછું સચોટ છે એમ કહી શકાય. દા.ત., એરિન્ઝિમાનને પુનર્જન્મ બાબતે કશું જ જ્ઞાન નથી. અથવા તો તે તેને ક્યારેક બનતી ઘટના તરીકે જ જુએ છે. જ્યારે પુનર્જન્મ તો માનવ ઉત્ક્રાંતિ માટે ખૂબ જ જરૂરી બાબત છે.

જ્યાં સુધી વાંચનાર તેનાં વર્ણનોથી પરિચિત ન થઈ જાય ત્યાં સુધી તે ખૂબ જ મૂંઝવણ ઊભી કરે છે. આપણે જેને “એસ્ટ્રલ શરીર” કહીએ છીએ તેને તે “આધ્યાત્મિક શરીર” કહે છે. તેણે “એસ્ટ્રલ શરીર” “ઈથરીક ડબલ” કહી શકાય કેમ કે તેને તે પાર્થિવ શરીર કરતાં સહેજ મોટું છે તેવી રીતે વર્ણવે છે અને જણાવે છે કે તે એસિડ દ્વારા અસર પામે છે. આ બધી જ બાબતો “ઈથરીક ડબલ”ને લગતી છે. આ બધી બાબતો “એસ્ટ્રલ શરીર”ને લાગતી વળગતી નથી. તેને એવી પણ આદત છે કે ન ગમતી એસ્ટ્રલ પરિસ્થિતિઓને તે પાર્થિવ સ્તરની નીચેની જણાવે છે જ્યારે ગમતી પરિસ્થિતિઓને તે પાર્થિવ સ્તરની ઉપરની જણાવે છે. જો કે એમ પણ માને છે કે આ બંને પરિસ્થિતિઓ અપાર્થિવ છે. તેને એવી પણ ગેરમાન્યતા છે કે ગાઢ એસ્ટ્રલ સ્તર એ આપણી પૃથ્વીમાં આંતરપ્રવેશ કરે છે. આથી જેઓ આ સ્તરમાં અટકાયેલાં છે તેઓ પૃથ્વીનાં ખરેખર તો પૃથ્વીનાં પેટાળમાં છે. આ ઉપરાંત તે એવું પણ માને છે કે પાર્થિવ જગતની નીચે પણ એક

સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા

દુનિયા છે કે જેની સાથે સદ્‌ભાગ્યે માનવજાતિને કોઈ જ સંપર્ક નથી.

ઘણી ખરી જગ્યાએ તેણે કરેલું વર્ણન વાંચનારને એમ માનવા માટે મજબૂર કરી દે છે કે જે કાંઈ પણ તે લખે છે તે તેણે જોયેલું છે, પરંતુ તેની પાછળની વૈજ્ઞાનિકતાને તપાસતા તે આપણને નિરાશ કરે છે.

તે ભૂલથી ભરેલો છે જ્યારે તે એમ કહે છે કે આધ્યાત્મિક વિકાસ માટે માધ્યમની જરૂરિયાત છે. આ પણ તેના શબ્દપ્રયોગની ભૂલ કહી શકાય. તે કદાચ ચૈતસિક અનુભવો માટે માધ્યમની વાત કરી રહ્યો હોય. તે ખોટો છે જ્યારે તે એમ કહે છે કે પાર્થિવ શરીર ધરાવતા મનુષ્ય માટે એસ્ટ્રલ શક્તિઓને સમજવી કે તેના પર કાબૂ મેળવવો શક્ય નથી. અથવા તો તે આધ્યાત્મિક દર્શન ન કરી શકે, પરંતુ તેને એ બાબત વિષે જ્ઞાન નથી કે મનુષ્ય પોતાના પાર્થિવ જીવન દરમિયાન જ મૃત્યુ પહેલાં પોતાના પાર્થિવ શરીરને છોડી શકવાનું અને તેમાં પાછાં દાખલ થવાનું શીખી શકે છે. તે પૂર્વના આધ્યાત્મિક જ્ઞાનથી અજાણ છે.

રહસ્યવાદનો અભ્યાસુ ઘણીખરી બાબતોમાં એરિન્ઝિમાન સાથે સહમત ન થાય પરંતુ એવી બીજી ઘણી બાબતો છે કે જેમાં તેની સાથે સહમત થવું પડે એમ છે. યુદ્ધ અને ચડાઈ તેમજ ધર્મનાં ઈતિહાસ પરની તેની ટીકાઓ પ્રશંસનીય છે. આપણે બધાં તેની સાથે સહમત થઈએ છીએ જ્યારે તે એમ લખે છે કે :

"હું માનું છું કે તથ્ય અને ભૂલો, સારું અને ખરાબ બધી જ જગ્યાએ, બધાં ધર્મોમાં અને બધાં લોકોમાં જોવા મળે છે. કોઈ પણ સંપ્રદાયનો મૂળભૂત વિચાર ગમે તેટલો પવિત્ર કેમ ન હોય, પરંતુ ઓછા વિકસિત મનુષ્યની મહત્ત્વાકાંક્ષાઓ, વાસનાઓ, લાલચ તેમજ ક્રૂરતાથી તે પવિત્રતાને બચાવવી અશક્ય છે."

તેનાં શબ્દપ્રયોગમાં ભૂલ હોઈ શકે છે પરંતુ તેનો વિચાર ખોટો નથી જ્યારે તે એમ કહે છે કે બધી દુષ્ટતા એ કોઈ સારાં ગુણની જ વિકૃતતા છે અને એક દિવસ તે સારા ગુણમાં પાછી પરિણમશે. આધ્યાત્મિક વિકાસ માટેનાં તેનાં ઘણાખરાં વિચારો વખાણને પાત્ર છે.

માધ્યમનાં ઉપયોગ તેમજ હિપ્નોટીઝમ સાથે જોડાયેલાં ખતરાને નીચેની ચેતવણી સિવાય ભાગ્યે જ બીજી કોઈ વધુ સારી રીતે વ્યક્ત કરી શકાય :

"પોતાની જાતને, પોતાના દિમાગને કે શરીરને બીજાના હવાલે સોંપી દેવું ન જોઈએ. પછી ભલેને સામેવાળી વ્યક્તિ ગમે તેવી સંત કે સામાન્ય મનુષ્ય જ ન હોય. મનુષ્યની આઝાદી એ તેની દિવ્યતા છે અને તે બીજાને સોંપવાથી તે તેનો ગુલામ બની જાય છે."

બીજી એક જગ્યાએ તે એવું જણાવે છે કે,

"સાચી સમાધિ એ આત્માનું વધુ સારી પરિસ્થિતિમાં અવતરણ છે કે જ્યાંથી તે વધુ મજબૂત, વધુ તેજવાન બનીને બહાર આવે છે. તે વધુ ઉમદા વિચારો અને ઉમદા કર્મોને લાયક બને છે. તેને પોતાની એક અલગ ઓળખાણ મળે છે. આજકાલ તો દરેક પ્રકારની અર્ધચેતન અવસ્થાને સમાધિ કે ટ્રાન્સ કહેવામાં આવે છે. પરંતુ તેને સાચી સમાધિ સાથે કાંઈ જ લેવાદેવા નથી. શક્તિશાળી નાર્કોટીક દવાઓનાં ઉપયોગથી જે નિંદ્રા જેવી પરિસ્થિતિ સર્જાય છે આ તેવું જ છે. આવી રીતે સર્જાયેલી ટ્રાન્સની અવસ્થા આત્મા માટે તેટલી જ હાનિકારક છે કે જેટલી હાનિકારક નાર્કોટીક દવાઓ પાર્થિવ શરીર માટે છે. આવી રીતે ઉત્પન્ન થયેલું "ટ્રાન્સ" હાનિકારક છે." (ક્રમશઃ...)

(મો. : ૮૯૮૦૯૪૨૫૧૫)

ૐ નિવા ઇચ્છા અંબુ શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ અં. મોદીના ૐ શ્રી રાધેકૃષ્ણ એકૈશ
સૌજન્ય : જયેશ, રૂપલ, કિશન, શ્રેયા, યશ (U.S.A.), મનીષ, નૈના, સૃષ્ટિ, અનુશ્રી શાહ પરિવાર, અમદાવાદ લોજ

*પ્રસ્તુતિ*

શ્રી ગિરીશ "નીલગિરિ"
*મંત્રી, પૂર્ણાનંદ લોજ, ગાંધીનગર*

## શબરીનું બોર ખરી પડ્યું......!!



લગભગ ૨૦૧૬–૧૭ ની આસપાસ વાત છે. હું અને પ્રતીક શ્રીમાળી B.A.O. Uni. ના એકઝામના પેપર લઈ દક્ષિણ ગુજરાતના ધરમપુરા કોલેજમાં ગયાં હતાં. ત્યાંથી સુરત, ભરૂચ અને રાજપિપળા થઈ છોટાઉદેપુરની કોલેજોમાં યુનિ.ના પરીક્ષા પેપર આપવાના હતા. ત્રણ દિવસનો કાર્યક્રમ હતો. રાજપિપળા થિયોસોફિકલ સોસાયટી હોવાથી અમે શ્રી નયનભાઈ પુરોહિતના સંપર્કમાં હતા. તેઓને ફોન કરી અમે કહ્યું હતું કે રાજપિપળામાં કોઈ સારી હોટલ હોય તો જણાવશો. અમારે રાત્રી રોકાણ રાજપિપળા કરવાનું છે. ગર્વમેન્ટ કામગીરી હોવાથી અગાઉથી આયોજન હતું. ઈનોવા ગાડીમાં હું અને પ્રતીક બે – ગાડી હાંકનાર ડ્રાઈવર એકદમ યુવાન, સરસ ગાડી ચલાવે, હસમુખો જ્યાં કહે ત્યાં ગાડી ઊભી રાખે. દક્ષિણ ગુજરાતનાં ડુંગરાળ વિસ્તારનાં ઝરણા જોઈ મન પ્રફુલ્લિત થઈ જતું. ઓગસ્ટ મહિનો હોવાથી હરિયાળી આજુબાજુ પથરાયેલી હતી. મન કવિતામાં સરી પડતું પણ પ્રતીક તેની સંસ્થાકીય પ્રવૃત્તિની વાતો કરાવે એટલે લીંક તૂટી જતી. ત્યાં નંદીગ્રામ આવ્યું... એટલે મને કુંન્દનિકા કાપડીઆ અને મકરંદભાઈ દવે યાદ આવ્યાં. મેં પ્રતીકને કહ્યું, 'પ્રતીક મારી ઈચ્છા નંદીગ્રામમાં મકરંદભાઈની સમાધિ જોવાની છે. સાંજના સમયમાં સમાધી પર જે પ્રાર્થના થાય છે તે નંદીગ્રામનો એક લ્હાવો છે.' પ્રતીકે મારા આગ્રહને માન્ય ગણ્યો ને મારી નંદિગ્રામની મુલાકાત સફળ નીવડી...

ધરમપુરથી અમે સીધા છોટાઉદેપુર જવા નીકળ્યાં... રસ્તામાં ભરૂચ, સૂરત, રાજપિપળા, વડોદરાની કોલેજોમાં પેપર્સ આપવાના હતાં. એટલે સૂરતની બી.એડ્. કોલેજની યુનિ. ગેસ્ટ હાઉસમાં અમે રાત્રી રોકાણ કર્યું. બીજા દિવસે સવારે અમે ભરૂચ વડોદરા થઈ રાજપિપળા જઈ રહ્યાં હતાં. સામાન્ય વરસાદે હેરાન કર્યા. ભરૂચ – સૂરત હાઈવેનો ટ્રાફિક અમને હેરાન કરી રહ્યો હતો. એટલે નિયત સમયમર્યાદામાં અમે ન હતાં. અને યુનિવર્સિટીનાં કામકાજ માટે અમે નિકળ્યાં એટલે ક્યાંય આડું અવળું જવાય પણ નહીં...

બીજા દિવસે સવારના અમે નીકળેલા સાંજે અમે રાજપિપળા તરફ જઈ રહ્યાં હતાં. લગભગ ૫.૩૦ થવા આવ્યાં હશે ને મને એકાએક વિનોદભાઈ વસાવા યાદ આવ્યાં. શબરી લોજનાં સભ્યોનું ટોળું મને આંખ આગળ તરવરવા લાગ્યું... રાત્રી રોકાણ રાજપિપળા હતું. મન મારું કાંટીદરા તરફ ઉડવા લાગ્યું... નંદિગ્રામની હદ પછી શબરી લૉજની મુલાકાત શક્ય લાગતી ન હતી. પ્રતીકને કેમ સમજાવવો. રૂટમાં ફેરફાર કરીએ તો ડ્રાઈવરને શું કહેવું... યુનિવર્સિટીમાં જાણ થાય તો...?

બધાં જ પ્રશ્નો... ઊભા થાય... ગાડીનું મીટર ફરે... મનમાં એક જ પ્રશ્ન ઊભો થાય કે કાંટીદરા

**સ્વ. પિતાશ્રી મોતી જે. લાલવાણી તથા સ્વ. માતુશ્રી આલુબેન એમ. લાલવણીની શાશ્વત યાદમાં...**
**સૌજન્ય : કુ. માયા લાલવાણી તથા શ્રી મીનુ લાલવાણી**

લોજની મુલાકાત મોટાં મોટાં મહાનુભાવો યોગેન્દ્રભાઈ દેસાઈ, જશભાઈ અમીન, વીરાબેન દસ્તૂર, મધુસૂદન ચાંપાનેરિયાં, પ્રમુખશ્રી નરેશભાઈ ત્રિવેદી, મંત્રીશ્રી દર્શનભાઈ મોદી જેવા અન્ય થિયોસોફિસ્ટ કાંટીદરા લોજમાં જઈ આવ્યા ને... મારી અદમ્ય ઈચ્છા... લોજની મુલાકાત લેવાની... હું સતત મૌન રહ્યો... મનમાં અટકળો ચાલી રહી... રાત્રે ત્યાં જઈએ તો... એ લોકોને કેટલી અગવડ પડે... જાણ કર્યા વગર જઈએ તો... મુશ્કેલી પડે... વિગેરે... વિગેરે... વિચારો આવ્યાં કરે... મન તો શબરી લોજમાં... ત્યાં પ્રતીકે કહ્યું, 'શું થયું... કેમ અચાનક મૌનમાં આવી ગયાં...?' કાંઈ નહીં... થોડીવાર પછી ના રહેવાયું એટલે બોલી જવાયું... ''પ્રતીક... આ રાજપિપળા હોટલનું બુકીંગ કેન્સલ કરાવી દે. હજુ હવે ૬ વાગે છે. નયનભાઈને કહી દે નહીં આવી શકાય...'' પ્રતીક ચમક્યો... અરે આપણે તો રાજપિપળાની હદમાં આવી ગયાં છે. ક્યાં જઈશું... રાતે...? પ્રતીક મારી વાત માનીશ... મારી બહુ જ ઈચ્છા છે... કાંટીદરા જવાની... મન બોલાવી રહ્યું છે એ નિર્દોષ માયાળુ લોકોને મળવા માટે. થોડીવાર વિચાર કર્યા પછી પ્રતીકે કહ્યું. આ ગાડીમાં જ રાત્રે સૂઈ રહેવું પડશે. જમવાનું રસ્તામાં કરી લઈએ... અને હું ખૂશ ખુશ... થઈ ગયો...

સાંજે ૬.૨૫ મેં વિનોદ વસાવાને ફોન કર્યો. હું અને પ્રતીક કાંટીદરા આવીએ છીએ. વિનોદની બાજુમાં સોમભાઈ વસાવા બેઠા હતા. વિનોદે થોડી વાત કરી સોમભાઈને ફોન આપ્યો. સોમભાઈ ખુશ હતાં. અમને ફોનમાં જ વિનોદે લાગણીસભર આમંત્રણ આપી દીધું હતું અને કહ્યું અમારા કુટુંબમાં આજે એક બેબીના લગ્ન છે જાન આવે છે. તમને તો સામાજિક પ્રસંગો જાણવા જોવાની મઝા પડશે, આવી જાવ.

સોમભાઈને હું કાંટીદરા જ્યારે રૂબરૂ મળ્યો ત્યારે બે હાથથી નમન કરીને અમને આવકાર્યા... પ્રેમથી આંખોમાં હર્ષની લાગણી મેં પ્રથમ વખત આવા નિખાલસ નિર્દોષ માણસમાં જોઈ હું ભાવવિભોર બની ગયો. વિનોદભાઈ વસાવાના ઘરની આજુબાજુ લગન હોવાથી મંડપ અને રોશની હતી. મહેમાનોની ચહલપહલ વચ્ચે અમે પણ મહેમાન જ હતાં... અમારા માટે આ રીત-રિવાજ – પ્રસંગો નવા હતા. પણ જિજ્ઞાસુ હોવાને લીધે અમે વસાવા કુટુંબમાં ભળી જઈ રાતનું ભોજન સહર્ષ લીધું. રાત્રે પ્રકાશ વસાવાના ઘરમાં સૂવાની વ્યવસ્થા હતી. બકરી અને મરઘી–મરઘાનાં અવાજમાં કાંટીદરામાં ગામડાની એક રાતની મોજ માણી...

સવાર પડી ત્યાં સોમભાઈ હાજર... સોમભાઈ, વિનોદભાઈથી થોડે દૂર રહેતા હતા. એટલે અમને એમનાં ઘરે લઈ ગયાં... રસ્તામાં સોમભાઈની દૂધની ડેરી આવી – આ દૂધની ડેરી એમનો દીકરો ચલાવતો હતો. અમે સોમભાઈના ઘરે ગયાં... લક્ષ્મીબેન ચાની કીટલી સાથે ઊભા હતાં. અમને સરસ મઝાની ચા પીવડાવી... લક્ષ્મીબેન મને વરસોથી ઓળખે, દરેક અધિવેશનમાં લક્ષ્મીબેન અચૂક હાજર હોય જ. લક્ષ્મીબેને કહ્યું આજે અમારા ઘરે રોકાવાનું છે જમીને જવાનું છે. એમના અવાજમાં મહેમાનનું આતિથ્ય દેખાઈ આવતું હતું. સોમભાઈની ચા લહેજત માણ્યાં બાદ અમે સોમભાઈના ખેતરની મુલાકાતે ગયાં.. સોમભાઈ આગળ ચાલતાં ચાલતાં સૂચનો આપતા

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત**

જાય... શેરડીના ઊંચા ઊંચા ઝૂંડમાં વાઘ રહે એવું કેતા જાય ને પછી કે નીચે જોઈને ચાલજો વરસાદી માહોલ હોવાથી પાણીમાં સાપના બચ્ચાંને પગ અડી જશે તો કરડશે. હું ચાલતાં અટકી જાવ તો સોમભાઈ ખડખડાટ હશે. હું કેતો સોમભાઈ મારે આગળ નથી આવવું. તો મને હાથ પકડીને ચલાવતાં, હું ખૂબ જ ડરતો... ઘણાં સમય બાદ ખેતરમાં પાણીમાં ચાલ્યો એ કાંટીદરા મને યાદ રહેશે...

સોમભાઈના ખેતરમાં આવ્યાં ખેતરમાં પંપ પણ ખરો... થોડીવાર બેઠાં. વિનોદ, મહેશ, પ્રકાશ બધાંની જોડે આત્મીય વાતો થઈ...

જંગલી પ્રાણીઓની ભાષા, આકાશમાં ચડી આવતાં કાળા ડિબાંગ વાદળોનો વર્તારો જોઈ આ લોકો અનુમાન કરી દેતાં, વર્ષ કેવું જાશે... પાક કેવો થાશે વિગેરે માહિતી મને મળી...

ઘરે પાછા ફરતી વખતે વિનોદે એક વાત મને કહી... સોમભાઈ ભાત કે ખિચડી – ગળ્યું ખાવાનું બંધ કરી લીધું છે. કોઈકે કહ્યું કે તમને ડાયાબીટીસ છે. મેં આ વાત ગંભીરતાથી લીધી. હું ડોકટર નતો પણ કેટલીક વાતમાં મેં વધુ પૂછતાછ કરી. ઘરે જઈને સોમભાઈએ મને રિપોર્ટ બતાવ્યાં. રિપોર્ટમાં તો ક્યાંય સુગર નતી આવતી. ભરૂચ જઈ ડોક્ટર પાસે તપાસ પણ કરાવી હતી. મેં સોમભાઈના મનમાંથી ડાયાબીટીસનો ડર દૂર કરી નાંખ્યો. લક્ષ્મીબેનને કહ્યું સોમભાઈને દૂધ–ખીચડી આપજો. વીરપુર અધિવેશનમાં તો મેં સોમભાઈને જાતે દાળ-ભાત – લાપસી ખવડાવ્યા હતાં. ક્યારેક લક્ષ્મીબેન જોડે બાળકો અને દિકરાની વહુ બાબતે ચડભડ થતી તો મારા સમજાવાથી સોમભાઈ લક્ષ્મીબેનને રાજી કરી લેતાં... મહેશભાઈ વસાવા અને વિનોદભાઈ મને જ કેતાં ક્યારેક સોમભાઈ જોડે અમે રમૂજ કરી લેતાં. જો કે સોમભાઈ કરતાં લક્ષ્મીબેન વહેલા વિદાય થયાં...

સોમભાઈએ જ્યારે રાજપારડી (કાંટીદરા) વાર્ષિક અધિવેશન બોલાવ્યું ત્યારે તેઓ ખૂબ જ ખુશ હતા... જાણે તેમની આ અંતિમ ઈચ્છા ના હોય... કાંટીદરાના વાર્ષિક અધિવેશનનાં અંકમાં મારો આભાર વ્યક્ત કરતાં મારા નામનો ઉલ્લેખ મને જ્યારે હું લખવા બેઠો છું ત્યારે થાય છે. કેટલો ભોળો માણસ, એમની આંખમાં સદાય પ્રેમ નિતરતો રસ ઝર્યા કરે...

સોમભાઈને ઉંમરના કારણે મૃત્યુ થયું. ખેતરને શેઢે પક્ષીના કલરવ અને પ્રાણીઓના અવાજના વાતાવરણમાં કોઈ રોગ ના થાય... સોમભાઈ કેતાં શેરડીના શેઢે ખેતરના ખોળે કદીક વાઘના અવાજ સંભળાય અને ક્યારેક નજીકથી પસાર પણ થઈ જાય તો અમને ક્યારેય નુકસાન પહોંચાડ્યું નથી...

વિશેષ... સોમભાઈ તમે અત્યારે અમારી સાથે નથી, પણ તમારા સંસ્મરણો અમારી સાથે છે. મૃત્યુ તો અવસર બની ગયું... એ અવસરના તારણો અમે શબ્દસ્વરૂપે વ્યક્ત કરીએ છીએ. શબરી લોજના આ બે દંપતિ આજે રહ્યાં નથી. પૂર્ણાનંદ લોજ સાથેના સંબધો શબરી લોજ સાથે કાયમ રહેશે જ. ભાવાંજલિ, દયાંજલિ, પુષ્પાંજલિ... બીજું શું લખું કે કહું... સોમભાઈ...! પ્રભુ દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે...

(મો. : ૮૪૬૯૬૪૮૦૭૩)

**સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !**
**સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ**

# "૧૨૭મું ઈન્ડિયન સેક્ષન કન્વેન્શન"

પ્રસ્તુતિ
શ્રી દર્શન મોદી
મંત્રી. ગુજ. થિયો. ફેડ.

- તા. ૨૮, ૨૯, ૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ દરમિયાન યોજાશે.
- સ્થળ : ઈન્ડિયન સેક્ષન કેમ્પસ, ગુરુબાગ રોડ, વારાણસી.
- થીમ : Universal Brotherhood is need of the Hour (મુખ્ય સુર : વર્તમાન સમયની માંગ : વૈશ્વિક ભ્રાતૃત્વ)
- સદર સ્થળે કન્વેન્શન યોજાશે : ૧૫મી જુલાઈથી રજિસ્ટ્રેશન શરૂ થાય છે.
- E–mail : theosophyvns@gmail.com આ ઈ-મેઈલ સરનામે સભ્યે પોતાનું નામ, ડિપ્લોમા નં., મોબાઈલ નં., પોતાની લોજનું નામ અને રજિસ્ટ્રેશન ફી રૂા. ૧૦૦ ભર્યાની સ્કેન કરેલી કોપી ઈન્ડિયન સેક્ષનને મોકલવી.
  રજિસ્ટ્રેશન ફી ભરવા માટે બેન્કની વિગતો :
  બેન્કનું નામ : બેન્ક ઓફ બરોડા
  ખાતાનું નામ : ધ ઈન્ડિયન સેક્ષન, ધ થિયોસોફિકલ સોસાયટી
  **S/B A/c. No. : 28600100018425 • IFSC Cod : BARB0LUXABS**
- ખાસ નોંધ : રહેવા-જમવાનું નિઃશુલ્ક છે. રજિસ્ટ્રેશન કરવા માટેની છેલ્લી તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૨ છે.

---

- વર્તમાન સભ્યોએ પોતાનું ઈ-મેઈલ સરનામુ ઈન્ડિયન સેક્ષનના વડા મથકે દર વર્ષે ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં સાંજના ૫ વાગ્યા પહેલા નીચેના સરનામે મોકલવું. આજીવન સભ્યે પણ પોતે આ રીતે મોકલવાનું છે.
  નીચેના ઈ-મેઈલ સરનામે મોકલવું :

**renewalindsecmem@gmail.com**

**"I woul like to continue my membership in the Indian Section of the Theosophical Society"**

| ...................... | ...................... | ...................... | ...................... | .................. |
|---|---|---|---|---|
| **Mem. Name** | **Name of Lodge** | **Diploma No.** | **Sign. of Mem.** | **Date** |

ઉપરોક્ત ફોર્મેટ પ્રમાણે ફોર્મ ભરીને આપેલા ઈ-મેઈલ સરનામે ૧ જુલાઈ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીમાં મોકલી આપવું. ટપાલ દ્વારા મોકલાવેલ કોપી સ્વીકારવામાં નહીં આવે.

**To** **Date .....................**
**The President**
**The Indian Section of the Theosophical Society**
**Varanasi**
**Dear Mr. President,**

**I would like to renew my membership in the Indian Section of the Theosophical Soceity for the coming year. This is to satisfy the rule that renewal has to be done every year (from 1 July to 30 September) by sending an email to "renewalindsecmem@gmail .com". I understand that my membership will automatically terminate on the morning on 1 October, if I have not renewed my membership.**

**Yours traternally**
**.............................**

ગુજ. થિયો. ફેડ.ની બધી જ લોજોના હોદ્દેદારો અને સભ્યોએ પોતાનું સભ્યપદ રિન્યુ કરવા માટે ઉપર જણાવ્યા પ્રમાણે E-mail કરવાનો છે. જેનું સરનામું છે : renewalindsecmem@gmail.com અંતિમ તારીખ ૩૦મી સપ્ટેમ્બર છે. જો તેમ કરવામાં મોડું થશે તો ૧લી ઓક્ટોબરની સવારે સભ્યપદ આપોઆપ રદ થઈ જશે.

સુજ્ઞ સભ્યો, જુલાઈ મહિનો શરૂ થઈ ગયો છે. આપ સૌ પોતાનું સભ્યપદ રીન્યુ કરાવી લેશો.

# જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ સંસ્મરણ અને વ્યક્તિત્વ

(મૂળ લેખક : પી.કૃષ્ણા, • અનુવાદક : શ્રી હર્ષદ દવે)

પ્રસ્તુતિ
શ્રી હર્ષદ દવે
રેવા લોજ, વડોદરા

*ગતાંકથી આગળ...*



કૃષ્ણમૂર્તિ : બીજી પુત્રી કે જેના લગ્ન થઈ ગયા છે તેની સાથે શું હવે તમારો કોઈ સંબંધ નથી ?

કૃષ્ણા : નહીં, એવું નથી. અત્યારે પણ તે અમારી આત્મીય છે પણ એ તો જીવનની રીત છે જે બધે ઠેકાણે એ રીતે જ હોય છે. બાળકો વહેલા કે મોડા ક્યારેક તો ઘર છોડીને જતા જ રહે છે.

કૃષ્ણમૂર્તિ : મને ખબર છે સર, પરંતુ હવે તેઓ સહુ તેમના જીવનના નિર્ણયો લે છે અને તમારો સંબંધ તે બાબત માટે પૂરો થઈ ગયો છે. મને આ બધું બહુ વિચિત્ર લાગે છે.

કૃષ્ણા : તમે જે કહી રહ્યા છો તે હું સમજું છું, પણ જો તે ત્યાં ખુશ હોય તો અમને કોઈ વાંધો નથી. પણ જો તે ખુશ ન હોય તો અમે તેને મદદ કરવા માટે છીએ જ ને. સંબંધ પૂરો નથી થઈ ગયો, પણ હવે અમે તેના દૈનિક જીવનનો ભાગ નથી.

કૃષ્ણમૂર્તિ : તો તેઓ કાલે તમારી સાથે નહીં આવે ?

કૃષ્ણા : હું તેને પૂછી જોઈશ અને જો તેને બીજું કોઈ કામ નહીં હોય તો તે અવશ્ય આવશે. જો તેની પાસે બીજું કોઈ કામ હશે તો હું તેને બીજે દિવસે લઈ આવીશ.

કૃષ્ણમૂર્તિ : ભલે. પણ લાવજો ચોક્કસ, હું એ બધાને મળવા ઈચ્છું છું.

કૃષ્ણા : સર, શું તમને એક પ્રશ્ન પૂછી શકું ? શું અહલ્યાજી અહીંયા સફળ હતા ?

કૃષ્ણમૂર્તિ : નહીં.

કૃષ્ણા : આટલા વર્ષોના તેમના અનુભવ પછી પણ તેઓ અસફલ રહ્યા તો તમને એવું કેમ લાગે છે કે હું સફળ થઈ શકીશ ?

કૃષ્ણમૂર્તિ : હું તમને તે માટે ઘણાં કારણો આપી શકું તેમ છું, પણ તેનું કોઈ મહત્ત્વ નથી. તમારી વાત જુદી છે; તમે પ્રોફેસર છો, લોકો તમારો આદર કરશે.

કૃષ્ણા : સર, હું નથી ઈચ્છતો કે મારે લીધે કોઈને અહીંથી જવું પડે. મેં સાંભળ્યું છે કે શ્રી સાઠે બહુ સારા માણસ છે. શું હું તેને રોકાઈ જવા માટે કહી શકું ? મેં સાંભળ્યું છે કે તેઓ છોડીને અહીંથી જઈ રહ્યા છે.

કૃષ્ણમૂર્તિ : હમણાં નહિ સર. તમે અહીં આવી જાઓ તેના છ મહિના પછી જો યોગ્ય લાગે તો તમે તેમને બોલાવી શકો છો. હમણાં ડૉ. હીરાલાલ અને શ્રી સાઠે તમારે કારણે આ સ્થળ છોડીને જઈ રહ્યા છે એવું નથી. તેમના જવાનો નિર્ણય તમારે કારણે નથી લેવામાં આવ્યો. તમે જ્યારે કામ શરુ કરશો ત્યારે તેઓ જતા રહ્યા હશે.

કૃષ્ણા : સર, શું જુદા જુદા દેશોમાં ચાર અલગ અલગ ફાઉન્ડેશન હોવાને બદલે એક જ વૈશ્વિક ફાઉન્ડેશન હોવું જોઈએ એમ તમને નથી લાગતું ? તમારા મૃત્યુ પછી જ્યારે તેઓ અંદરોઅંદર ઝઘડવા

**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**
**ભાવનગર લોજ**

લાગે અને દરેક ફાઉન્ડેશન એમ વિચારે કે તેને જ તમારા શિક્ષણની વધારે સમજણ છે ત્યારે શું થશે ?

કૃષ્ણમૂર્તિ : એવું તો અત્યારથી જ થઈ રહ્યું છે સર. તેઓ અત્યારથી જ ઝઘડી રહ્યા છે.

કૃષ્ણા : એટલે જ તમે એક ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન કેમ નથી બનાવતા ?

કૃષ્ણમૂર્તિ : મને કહેવામાં આવ્યું છે કે એમ કરવું શક્ય નથી કારણ કે દરેક દેશના કાયદાઓ અલગ છે.

કૃષ્ણા : એવું તો સાચું નથી લાગતું કારણ કે થિયોસોફિકલ સોસાયટી અને રેડ ક્રોસ બંને ઈન્ટરનેશનલ સંસ્થાઓ છે. જુદા જુદા દેશોમાં તેમની શાખાઓ અલગ અલગ હોઈ શકે છે પરંતુ તે બધી એક જ કાનૂન હેઠળ કામ કરે છે.

કૃષ્ણમૂર્તિ : તમે કરજો.

કૃષ્ણા : હું ન કરી શકું. તે કેવળ તમે જ કરી શકો, કારણ કે તમે ચારેય ફાઉન્ડેશનનાં અધ્યક્ષ છો અને તેઓ તમારું કહ્યું સાંભળશે.

કૃષ્ણમૂર્તિ : આ વિષય અંગે મારે કેટલાક વકીલોને પૂછવું પડશે.

કૃષ્ણા : બીજી એક વાત. શું તમે રાજઘાટને તમારું ઘર બનાવી શકો તેમ છો ? ભલે તમે અન્ય સ્થળોએ જતા—આવતા રહો પણ આને તમારું ઘર બનાવો અને અહીં તમારા માટે મને કાર્ય કરવા દો.

કૃષ્ણમૂર્તિ : નહીં સર, એ શક્ય નથી. બીજાં બધાં સ્થળોએ પણ મારી જરૂર છે અને કોઈ એક સ્થળને હું મારું ઘર બનાવી ન શકું.

કૃષ્ણા : તમારા બીજે સ્થળે ગયા પછી જો મારી અને ફાઉન્ડેશનનાં ટ્રસ્ટીઓ વચ્ચે મતભેદ ઊભા થાય અને તેઓ મને દૂર કરવા ઈચ્છે તો મારી શી હાલત થાય ? મને યુનિવર્સિટીની નોકરીમાંથી કોઈ કાઢી ન શકે, પણ અહીં મને એવું નથી લાગતું. એટલે મારી સાથે પણ એવું થઈ શકે છે. હું કુટુંબકબીલાવાળો માણસ છું, હું નોકરી કર્યા વગર રહી ન શકું. મારી પાસે ગુજરાન ચલાવવા માટે આજીવિકાનું બીજું કોઈ સાધન નથી અને મારે મારા કુટુંબનું ભરણપોષણ તો કરવું જ જોઈએ. હું તમને એ જણાવવા ઈચ્છું છું કે હું શાકાહારી છું, સિગારેટ કે દારુ નથી પીતો, પાર્ટીઓ નથી આપતો, ટ્રેનમાં હંમેશાં સેકંડ ક્લાસમાં મુસાફરી કરું છું અને મારા બાળકો સામાન્ય પબ્લિક સ્કૂલમાં ભણ્યા છે, તેમ છતાં અમે બંને મળીને જે કાંઈ કમાઈએ છીએ તે ખર્ચાઈ જાય છે. ભવિષ્ય માટે અમે બહુ બચાવ્યું નથી. એટલા માટે હું નોકરી કર્યા વગર ન રહી શકું.

કૃષ્ણમૂર્તિ : હું એવી વ્યવસ્થા કરીને જઈશ કે કોઈ તમને કાઢી ન શકે. હું મારા 'ટેસ્ટામેન્ટ'માં એવું લખીને જઈશ.

કૃષ્ણા : નહીં, એવું નથી સર. દરેકની જેમ હું પણ જવાબદાર હોઉં એ જરૂરી છે, પણ ફક્ત વિચારોના મતભેદને કારણે મારે અહીંથી છોડીને જવું ન પડવું જોઈએ.

કૃષ્ણમૂર્તિ : નહીં સર. આ તમારું ઘર છે. કોઈ પણ તમને અહીંથી કાઢી ન શકે. હું છ કે સાત લોકોની એક સમિતિ બનાવવાનો છું જેમાં તમે પણ હશો. આ સમિતિ બધા જ ફાઉન્ડેશનોનાં કામ પર દેખરેખ રાખશે. તેનું કામ એ હશે કે ચારેય ફાઉન્ડેશન એક થઈને, સંપીને કામ કરે. તેમાં દરેક ફાઉન્ડેશનમાંથી બે કે ત્રણ મેમ્બર હશે અને તેઓ મારા દ્વારા પસંદગી કરેલા હશે.

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લોજ**

કૃષ્ણા : સર, હું જેને લાયક ન હોઉં એવી કોઈ જવાબદારી મને ન સોંપશો. હું હજુ સાવ નવો છું અને મને એ નથી ખબર કે આ સમિતિની જવાબદારી નિભાવી શકીશ કે નહીં. હું તમારા માટે કાંઈપણ રાજી ખુશીથી કરવા તૈયાર છું, પરંતુ હું ફાઉન્ડેશનનાં મોટાભાગના ટ્રસ્ટીઓને હજુ જાણતો નથી. મને લાગે છે કે તમે જીવિત છો ત્યાં સુધીમાં એક ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન બનાવી લેવું તમારા માટે સહુથી વધારે જરૂરી છે, પણ એ કેવી રીતે કરવું તે હું નથી જાણતો. હું મદ્રાસમાં રાધાજીને પૂછીશ કે તેઓ થિયોસોફિકલ સોસાયટીમાં કેવી રીતે આ કાર્ય કરે છે. ફરક એ છે કે તેમને ત્યાં એવા સભ્યો હોય છે જેઓ વોટ આપે છે અને આપણે ત્યાં જેમનું નામ નિયુક્ત થયું હોય તેવી વ્યક્તિઓ હશે.

કૃષ્ણમૂર્તિ : તમે તેના પર વિચાર કરો સર, પછી મદ્રાસમાં સહુની સાથે મળીને નિર્ણય લઈશું. ત્યાં બધા જ ફાઉન્ડેશનનાં લોકો હશે.

કૃષ્ણા : આભાર સર. મેં તમારો ઘણો સમય લીધો છે. તમે થાકી ગયા હશો. હું કાલે ફરી તમને લંચ વખતે મળીશ. હું કેટલા વાગે આવું ?

કૃષ્ણમૂર્તિ : ગમે ત્યારે આવો સર ! આપણે મિત્રો છીએ. પરવાનગી વગેરે ન લેશો, બસ આવી જાઓ !

**શું અધ્યક્ષને અહીં કોઈ હક્ક નથી હોતો ?**

(ત્રીજે દિવસે, ૯ નવેમ્બર, ૧૯૮૫ ના રોજ રાજઘાટમાં કૃષ્ણજીના ઓરડામાં)

ટ્રસ્ટીઓ સાથેની મીટીંગમાં એવું નક્કી થયું કે મીનાક્ષી યુનિવર્સિટીમાં જ કામ કરશે અને તેને માટે યુનિવર્સિટી સુધી જવા માટે ગાડી સંસ્થા આપશે.)

કૃષ્ણમૂર્તિ : સર, એવું નક્કી થયું છે કે હમણાં અમે તમને લેશું અને તમારી પત્ની અત્યારે યુનિવર્સિટીમાં જ કામ કરશે. તમને આ નીચેનું મકાન તમારા કુટુંબ સાથે રહેવા માટે આપવામાં આવશે. કૃપા કરીને જઈને જુઓ કે તેમાં કેટલા ઓરડા, બાથરૂમ વગેરે છે. કારણ કે તમારું કુટુંબ મોટું છે. નહીં તો તમે કેમ્પસમાં બીજું કોઈપણ ઘર પસંદ કરી શકો છો જે તમને આપવામાં આવશે. તમને એક ગાડી, ડ્રાઈવર સાથે આપવામાં આવશે જેમાં તમારી પત્ની અને બાળકો યુનિવર્સિટી જઈ શકશે. હવે પ્રસ્તાવ એ છે કે સંસ્થા તમે તમારી પત્ની માટે ભોજન ઉપલબ્ધ કરાવી આપશે અને મહિને ૩,૫૦૦ રૂપિયા પગાર આપશે. શું એ ઠીક રહેશે ?

કૃષ્ણા : ઘણું છે સર, પણ મને કેટલીક મુશ્કેલીઓ દેખાય છે. જો સંસ્થા મને અને મારી પત્નીને ભોજન આપશે તો હું એવું તો ન કરી શકું કે તેમાંથી મારા બાળકો અને માતા–પિતા ન ખાય. અમે તો સહુ સાથે મળીને જમીએ છીએ. જો તેઓ પણ તેમાંથી ખાય તો એવું લાગશે કે હું બીજાને નથી મળતો એ રીતે સંસ્થાનો ગેરકાયદેસર ફાયદો મેળવું છું. મારા માટે ફક્ત પ્રામાણિક હોવું જ જરૂરી નથી, એવું હોવું અને લાગવું એ પણ બહુ જ જરૂરી છે, નહીંતર લોકો મારો આદર નહીં કરે. તેથી એ વધુ સારું રહેશે કે મને મફતમાં ખાવાનું ન આપવામાં આવે અને હું જેટલું ઈચ્છું તેટલું ખરીદતો રહું. એ રીતે, મારા માટે સંસ્થા ગાડી આપે તે વાજબી છે પણ મારી પત્ની અને બાળકો જો તેનો ઉપયોગ કરે તો તેને માટે મારે ચાર્જ ચૂકવવો જોઈએ : નહીં તો એવું લાગશે કે હું નાહક લાભ મેળવું છું. હું આવી દ્વિધામાં રહીને શરૂઆત કરવા નથી ઈચ્છતો.

કૃષ્ણમૂર્તિ : સર, શું લોકો એવી વાતો પર પણ ચર્ચા કરે છે ? (ક્રમશઃ)

(મો. : ૮૭૫૮૭૪૬૨૩૬)

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

## —: મહા સૌજન્ય :—


શ્રી હસમુખલાલ જે. પંડ્યા

અમદાવાદ લોજના સુજ્ઞ સભ્ય શ્રી હસમુખલાલ જેઠાલાલ પંડ્યા જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડમાં રૂા. ૫૦૦૦/- (ચેક દ્વારા) અર્પણ કરીને મહા સૌજન્ય દર્શાવે છે. 'થિયોસોફિક જ્યોતિ' તેમના પ્રત્યે આદર અને આભાર વ્યક્ત કરે છે.

૯.૫.૧૯૩૫ ના રોજ જન્મેલાં શ્રી હસમુખલાલે પુના બોર્ડમાંથી મેટ્રીક પાસ કરીને રેલ્વેમાં જોડાયાં. પોતાની ધગશથી પ્રગતિ સાધી 'લોકો પાયલોટ' બનીને મેલ, એક્ષપ્રેસ, ઈલેક્ટ્રિક અને ડિઝલ એન્જિનમાં સર્વિસ આપી. ૧૯૬૧ થી ૧૯૭૧ સુધી રેલ્વેમાં ટી.એ. (ટેરીટોરિયલ આર્મી) પ્રાદેશિક સેવા 'કલર સર્વિસ'માં જોડાયેલાં રહીને વિશેષ ટ્રેઈનીંગ પણ પ્રાપ્ત કરેલી. ૧૯૬૫માં પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે બાડમેર સેક્ટરમાં સેવા આપી. ત્યારબાદ ૧૯૭૧માં પાક યુદ્ધ વખતે ફિરોઝપુર સેક્ટરમાં તેમને મોકલવામાં આવેલાં. ગદરા ગામને ફક્ત ૧૦ મિનિટમાં ખાલી કરાતું તેમણે જોયેલું. તે વખતે ૬૦ ટેન્ક લદાયેલી વિશેષ ટ્રેઈનનાં એન્જિનને ચલાવવાની જવાબદારી પાર પાડેલી.

તા. ૩૧.૫.૧૯૯૩માં નિવૃત્ત થઈને આધ્યાત્મિક તેમજ સામાજિક પ્રવૃત્તિઓ શરૂ કરી. આ સમય દરમિયાન વર્તમાનપત્રોમાં 'અમદાવાદ લોજ'ના પ્રવચન કાર્યક્રમોની નોંધ વાંચીને લોજની મુલાકાત લીધી. થિયો. સોસા.ની વિશેષતા સમજીને અમદાવાદ લોજના સભાસદ બન્યા. તેઓ તા. ૨૮.૨.૨૦૦૩ ના રોજ જોડાયાં. તેમનો ડિપ્લોમા નં. ૮૯૫૮૭ છે. લોજ પ્રવૃત્તિઓમાં અઠવાડિક પ્રવચનો સ્થાનિક તેમજ બહાર ગામની એક દિવસીય શિબિરો, ત્રિ-દિવસીય અભ્યાસવર્ગો, 'શ્વેત પદ્માષ્ટમી' અને 'અડ્યાર ડે'ની ઉજવણીમાં નિયમિતપણે ભાગ લેતા રહ્યાં છે. ફેડરેશનોમાં હાજરી આપી છે. અડ્યાર કન્વેન્શનમાં પણ નિયમિત ભાગ લીધો છે.


અમદાવાદ લોજને, જ્યોતિ પ્રકાશન ફંડમાં તથા 'અડ્યાર ડે' વખતે વારંવાર પોતાનું આર્થિક યોગદાન આપતાં રહ્યાં છે : આ ઉપરાંત (૧) ખાડિયામાં 'સીનીયર સીટીઝન ક્લબ'માં ૮ વર્ષ સુધી સેવા આપી, જેમાં ૧૪૦ મેમ્બર્સ હતા. (૨) 'રામભુવન'માં આજીવન સભ્ય છે. જ્યાં શાળાના બાળકોને પુસ્તકો તેમજ ચોપડાઓ ભેટ આપેલ છે. (૩) સરસપુર 'સીનીયર સીટીઝન ગ્રુપ'માં આજીવન સભ્ય છે. (૪) અમદાવાદ લોજની લાઈબ્રેરીને વધુ સમૃદ્ધ બનાવવા પુસ્તકો ભેટ આપેલ છે.

અનેક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવા છતાં તેમના વતન હલધરવાસ ગામની પાસે ક્લેહર ગામમાં કૂળદેવી 'ઉમિયા માતા' છે તે મંદિરમાં આઠ વર્ષ ટ્રસ્ટી તરીકે સેવા આપેલી છે.

શ્રી હસમુખલાલ જે. પંડ્યાના પુત્ર શ્રી મનીષભાઈ અને શ્રી નલીનભાઈ છે. બંનેની પત્નીઓનાં નામ સરખા છે એટલે કે ભાવના નામ છે. તેમની પુત્રી સાધનાબેન અને તેના પતિ શ્રી સુરેશચંદ્ર છે. આ બધાં જ અમદાવાદ લોજનાં સભ્યો છે. આ ઉપરાંત તેમના ભાઈઓ અને અન્ય કુટુંબીજનો પણ ટી.એસ.નાં સભ્યો છે. તેમના પુત્રો સંગીતનો કાર્યક્રમ પણ આપે છે. પુત્ર નલીનભાઈ મીમીક્રી આર્ટીસ્ટ છે. શ્રી હસમુખલાલ પોતે પણ સંગીતના શોખીન છે અને સદાયે હસતાં રહે છે. 'થિયોસોફિક જ્યોતિ' તેમના દીર્ઘાયુ, સ્વસ્થ અને હસમુખ જીવનની કામના અને શુભેચ્છા વ્યક્ત કરે છે.

(મો. : ૯૪૨૮૬૧૧૫૨૪)

# શ્રદ્ધાંજલિ


સ્વ. સોમાભાઈ વસાવા
શબરી લોજ, કાંટીદરા

શ્રી સોમાભાઈ બીજલભાઈ વસાવા, ડિપ્લોમા નં. ૪૮૧૭૩, શબરી લોજ કાંટીદરા મરણ તા. ૮.૭.૨૨ શુક્રવાર

શ્રી સોમાભાઈ વિશે તો શું લખવું તેજ સમજાતું નથી. અમારી લોજને જીવંત રાખવામાં તેમનો ખૂબ મોટો ફાળો છે. તેમને ૨.૨.૧૯૬૫ થી થિયોસોફિમાં પ્રવેશ મેળવી અત્યાર સુધી એટલે કે ૫૭ વર્ષ સુધી તેમની જીવનની છેલ્લી ઘડી સુધી થિયોસોફી વિશેજ વાત કરી હતી.

તેમના મરણના આગલા દિવસે મને ફોન કરીને તેમણે બોલાવ્યો હતો. આમ તો અમે દરરોજ મળતા હતા. મને એમના ઘરે બોલાવી અને મને કહ્યું હતું કે હું બે દિવસનો મહેમાન છું. મેં કીધું મજાક કરવાનું છોડો. મને કેમ બોલાવ્યો તે કહો, તો તેમને કહ્યું કે મારે તારી સાથે વાત કરવાનું છે. એમ કહી મને તેમના ઈ.એસ.ના પુસ્તકો તેમજ તેમના થિયોસોફીના પુસ્તકો આપવાનું તેમના દિકરાને જણાવ્યું હતું. ત્યારબાદ તેમણે મને કહ્યું કે મારે નરેશભાઈ સાથે, દર્શનભાઈ સાથે તેમજ અવંતિકાબેન સાથે વાત કરવી છે, તો તેમને મેં તેમની સાથે વાત કરાવી હતી. પરંતુ તેમને પણ તેમના મૃત્યુનો અણસાર આવવા દિધો ન હતો.

બીજા દિવસે એટલે કે તા. ૮.૭.૨૦૨૨ ના દિવસે સાંજે ૫.૩૦ કલાકે વાત કરતાં કરતાં અને હસતાં મોંઢે તેમણે પોતાના જીવનો ત્યાગ કર્યો હતો.

પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતી આપે અને તેમના આત્માને આગળ પહોંચાડે તેવી પ્રભુ પ્રાર્થના

વિનોદભાઈ ગોપાલભાઈ વસાવા, શબરી લોજ, કાંટીદરા

---

# શ્રદ્ધાંજલિ

ઝગડીયા તાલુકાના પીપદરા ગામથી ૭ કિમી. અંદર માત્ર આદિવાસી વસતી ધરાવતા નાનકડા એવા કાટીદ્રા ગામમાં શબરી લોજ નામે થિયોસોફીની વિચારધારા દ્વારા આધ્યાત્મિક પ્રવૃત્તિથી અવિરત કાર્યરત ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનની શાખાના ઘણા વર્ષો સુધી પ્રમુખ તરીકે રહીને શાખાના સભ્યોને સતત જાગ્રત રાખતા અને પોતે પણ તેજ પ્રમાણે જીવનમાં આચરણ કરતા રહ્યા હતા, તેવા શ્રી સોમાભાઈ બીજલભાઈ વસાવાએ શુક્રવાર તા. ૮ જુલાઈએ દેહત્યાગ કરી પરમ શાંતિના માર્ગે પ્રયાણ કર્યું. તેઓએ થિયોસોફિકલ સોસાયટીનાં સભ્ય બન્યા બાદ જેમ જેમ વાંચન કરતા ગયા તેમ તેમ એક સાચા થિયોસોફિસ્ટ બનવા તેણે મેળવેલ જ્ઞાનને આચરણમાં મુકતા ગયા. પરિણામે તેઓની જ્ઞાતિગત રિવાજો અને વહેમભરી માન્યતા છોડી ભ્રાતૃભાવની ભાવાનાથી રહેવા સતત પ્રયત્ન કરતા ગયા. પરંતુ તેને કારણે તેમને સમાજ તરફથી ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, જે તેમણે ધીરજ પૂર્વક હિંમત રાખી સહન કરેલ, પરંતુ આવી કપરી પરિસ્થિતિમાં પણ તેમના સમાજને સ્પષ્ટ જણાવી દીધેલ કે મેં થિયોસોફીનો જે માર્ગ સ્વીકાર્યો છે તેમાંથી કોઈ સંજોગો પણ પીછેહઠ નહિ કરૂં અને જીવન પર્યંતે પોતે તો સાચા થિયોસોફિસ્ટ તરીકે જીવી ગયા. પરંતુ અંતકાળે તેમના પરિવારને અને ખાસ કરીને તેમના પૌત્રને પણ ઉમદા જીવન જીવવા માટે આ થિયોસોફીનો માર્ગ એજ એક ઉત્તમ માર્ગ છે એવી સલાહ આપતા ગયા.

આવા નાનકડા અને પછાત વિસ્તારમાં રહેતા હોવા છતાં તેમની અદમ્ય ઈચ્છાને માન આપી શબરી લોજના યુવા સભ્યોના સહકારથી ત્યાં ગુજરાત ફેડરેશનનું અધિવેશન સફળતાપૂર્વક થયેલ. જી.ટી.એફ.ના દરેક અધિવેશન અને શિબિરમાં તેઓ બીજા સભ્યોને લઈને અચુક હાજરી આપવા પ્રેરણા આપતા રહેતા.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગત સોમાભાઈનાં આત્માને પરમ શાંતિ આપે અને તેમની આગળની યાત્રા શાંતિમય રહે તેવી પ્રાર્થના.

શ્રી નરેશભાઈ ત્રિવેદી (પ્રમુખ જી.ટી.એફ.)

---

**ચંદ્રિકા ગુંજન સ્મૃતિ ફાઉન્ડેશન (પબ્લિક ટ્રસ્ટ)**


**સૌજન્ય : શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ, ગાંધીનગર લોજ**

## શ્રદ્ધાંજલિ

અમદાવાદ લોજના દંપતી સભ્યો શ્રી દેવેન્દ્રકુમાર હરિદાસ પરીખના ધર્મપત્ની શ્રીમતિ રંજનબેન દેવેન્દ્રકુમાર પરીખનું દુ:ખદ અવસાન તા. ૧.૭.૨૦૨૨ ના રોજ થયેલ છે. સ્વ. રંજનબેન અમદાવાદ લોજના સભ્ય તરીકે તા. ૧૬.૭.૨૦૧૦માં જોડાયેલા. તેમનો ડિપ્લોમા નં. ૯૭૩૦૭ છે. સ્વર્ગસ્થના કુટુંબીજનોને સાંત્વના પ્રાપ્ત થાય તથા સ્વર્ગસ્થના આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચીર શાંતિ અર્પે તેવી પ્રાર્થના લોજ તથા ફેડ.ના સૌ સભ્યો કરે છે અને શ્રદ્ધાસુમન અર્પે છે.

## શ્રદ્ધાંજલિ

અમદાવાદ લોજના સભ્યશ્રી પ્રવિણભાઈ શાહનું દેહાવસાન તા. ૫.૫.૨૦૨૨ ના રોજ થયેલ છે. તેમનો ડિપ્લોમા નં. ૯૭૩૪૬ છે. તેઓ ૧૬.૭.૨૦૧૦ માં અમદાવાદ લોજના સભ્ય બનેલાં. સ્વ. પ્રવિણભાઈ શાહના સમગ્ર પરિવારમાં કદી પણ ન પૂરાય તેવી ખોટ પડેલ છે. પરમકૃપાળુ પરમાત્મા દિવંગતનાં આત્માને ચીર શાંતિ અર્પે તથા સૌ પરિવારજનોને સાંત્વના પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરીને લોજનાં તથા ફેડ.ના સૌ સભ્યો શ્રદ્ધાસુમન અર્પે છે.



સ્વ. કમલભાઈ ઘીયા
રોહિત લોજ

## શ્રદ્ધાંજલિ

રોહિત લોજના સભ્ય શ્રી કમલભાઈ ઘીયાનું અવસાન તા. ૨૩ જૂન, ૨૦૨૨ ના રોજ થયેલ છે. તેમનો ડિપ્લોમા નં. ૭૨૩૦૪ છે. રોહિત લોજમાં ૧૯૯૫માં જોડાયેલાં. તેમનાં પત્ની શ્રીમતિ દર્શનાબેન ઘીયા દંપતિ સભ્યો છે. ૧૩ ઓક્ટોબર ૧૯૪૫ માં જન્મેલ કમલભાઈ બી.કોમ.નો અભ્યાસ પૂરો કરી બેન્ક ઓફ બરોડામાં જોડાઈને સ્કેલ-૨ માં મેનેજર પદે પહોંચ્યાં હતાં. પોતાના કોલેજ જીવનમાં અચ્છા ક્રિકેટર અને એથલીટ હતાં. બોડી બિલ્ડીંગ સ્પર્ધામાં 'મીસ્ટર ગુજરાત યુનિવર્સિટી'નું ટાઈટલ જીત્યું હતું. બેન્કના 'ઓફિસર્સ એસોસીએશન'નાં પ્રેસિડેન્ટ તરીકે ઘણી નામના મેળવી હતી. ઘીયા દંપતિએ રોહિત લોજની વિશિષ્ટ સેવા બજાવી છે. સ્વ. રાધા બર્નિયરજી જ્યારે પણ અમદાવાદ પધારતાં ત્યારે શ્રીમતિ દર્શનાબેન અને કમલભાઈનાં મહેમાન બનતાં. દર્શનાબેન તેમની બધી જ સગવડો સાચવતા. ગુજ. ફેડરેશનનાં કાર્યક્રમોમાં હાજરી આપતાં. અડ્યાર મુકામે પણ કન્વેન્શનમાં હાજર રહીને બધાં જ પ્રવચન કાર્યક્રમોમાં હાજર રહીને જ્ઞાન લાભ મેળવતાં. શ્રીમતિ દર્શનાબેન ઘીયાને થિયો. સોસા.ના ૫૦ વર્ષ સભ્યપદે પૂરા થતાં હોવાથી તેમનું બહુમાન સર્ટીફીકેટ અને શાલ એનાયત કરીને જી.ટી.એફ. દ્વારા કરવામાં આવેલું છે. આજે શ્રીમતિ દર્શનાબહેનને દિવંગત કમલભાઈની જે ખોટ પડી છે તે પૂરી શકાય તેમ નથી. દિવંગતનાં આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના લોજ તથા ફેડ.ના સૌ સભ્યો કરે છે અને શ્રદ્ધાસુમન અર્પે છે.

**મહા સૌજન્ય : શ્રીમતિ દર્શનાબેન ઘીયા રૂા. ૨૫૫૧/- જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડમાં સ્વ. કમલભાઈ ઘીયાની સ્મૃતિમાં મહા સૌજન્ય સ્વરૂપે અર્પે છે.**

# શાખા સમાચાર

- **રોહિત લોજ, અમદાવાદ :- (દર શનિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન આયોજીત ઈ–મીટીંગ્સ) :** જૂન દરમિયાન ૨૫મીએ "યજ્ઞનું રહસ્ય" વિષે ડૉ. દીપીકાબેન પાઠકજી (સનાતન લોજ, સુરત) એ પ્રવચન કર્યું. જુલાઈમાં બીજીએ 'જે. કૃષ્ણમૂર્તિની રોજનીશી' વિષે શ્રી હર્ષવદન શેઠે પ્રવચન કર્યું; જે રોજનીશીની પૂર્ણતા હતી. ૯મીએ ડૉ. કીરણ શીંગ્લોતે 'દૈનિક જીવનમાં અધ્યાત્મ યાત્રા' વિષે પ્રવચન કર્યું.
- **અમદાવાદ લોજ, અમદાવાદ :- (દર બુધવારે સાંજે ૬ થી ૭ દરમિયાન યોજાતી સ્થાનિક મીટીંગ) :** જુલાઈ દરમિયાન છઠ્ઠીએ 'શ્રી ગુરુચરણે' વિષે સુશ્રી વર્ષા પટેલ, ૧૩મીએ 'સ્વ'ની ખોજ' વિષે સુશ્રી અનસૂયાબહેન દેસાઈ, ૨૦મીએ 'કબીર અને કૃષ્ણમૂર્તિ' વિષે શ્રી હર્ષવદન શેઠ તથા ૨૭મીએ 'ચૈતન્યમાં ડોકિયું' વિષે શ્રી રમેશચંદ્ર ડોલીઆએ પ્રવચનો કર્યા.
- **શ્રી હરજીવન આશ્રમ (થિયો. સોસા.), કડોલી :** જૂન દરમિયાન પાંચમીએ 'હરજીવન સૌરભ'નું પઠન–પાઠન દૈનિક પ્રાર્થના બાદ કરવામાં આવ્યું. અધ્યક્ષશ્રી કાંતિભાઈ પટેલે 'પર્યાવરણ દિન' નિમિત્તે પર્યાવરણની મહત્તા સમજાવી. શ્રી દીપક પંડ્યાએ 'હરજીવન સૌરભ'ના ગદ્યાંશને ધ્યાનમાં રાખી ચર્ચા કરી. શ્રીમતી કૈલાસબાએ ચિંતન કણિકા પર વિચાર રજૂ કર્યા. ૨૧મીએ સવારે ૭.૩૦ કલાકે શ્રી ભીમનાથ મહાદેવના પ્રાંગણમાં શેઠશ્રી પી.એન. મહેતા હાઈસ્કૂલના સહયોગથી 'યોગશિબિર' યોજાઈ. લોજના સભ્યો, મહિલા ભજન મંડળના સભ્યો અને ગ્રામજનો તેમાં જોડાયાં. કાર્યક્રમના અંતે મગના વિશેષ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. જુલાઈની ૧લીએ હરજીવન આશ્રમ, કડોલીના પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. ૩જીએ લોજ મીટીંગમાં 'હરજીવન સૌરભ'નું પઠન પાઠન થયું. મીટીંગ બાદ છાસ વિતરણ કરવામાં આવ્યું. 'વૃક્ષારોપણ' અંતર્ગત શ્રી દીપકભાઈ પંડ્યાને વિશેષ રીતે પ્રશંસાના પુષ્પોથી અભિવાદિત કરવામાં આવ્યા છે. ૧૦મીએ 'હરજીવન પ્રકાશ'માંથી વાંચન કરવામાં આવ્યું. અધ્યક્ષશ્રી શંકરભાઈ પટેલે 'વિવેક ભાન' વિષે તથા શ્રી નરેન્દ્ર પટેલે 'ક્રિયા–પ્રક્રિયા' અંગે ચર્ચા કરી.
- **ગુરૂદેવ ગોષ્ઠી :** મુંબઈ ફેડ.ના ઉપક્રમે દર ગુરૂવારે સાંજે ૬ થી ૭ દરમિયાન ડૉ. અજયભાઈ હોરાના અધ્યક્ષ સ્થાને આયોજીત થતી ઈ–મીટીંગમાં જુલાઈ દરમિયાન મુરબ્બી વિમલાતાઈ ઠકાર લિખિત તથા સ્વ. અરવિંદ દેસાઈ દ્વારા ભાષાંતર થયેલ પુસ્તક 'માન સાથે મૈત્રી'નું વાંચન કરવામાં આવે છે તથા હાજર સભ્યો ચર્ચામાં ભાગ લે છે.
- **સનાતન લોજ, સુરત :- (દર બુધવારે સાંજે ૫.૦૦ કલાકે મીટીંગ) :** જુલાઈ દરમિયાન છઠ્ઠીએ 'પદ્મભુષણ સ્વામીશ્રી સચ્ચિદાનંદજી મહારાજનું જીવન ચરિત્ર' વિષે શ્રી હિતેશભાઈ પટેલ, ૧૩મીએ 'ગુરુપૂર્ણિમાનો મહિમા' વિષે શ્રી નરસિંહભાઈ ઠાકરિયા તથા ૨૦મીએ 'ગીતામાંથી ઉદ્ભવતાં પ્રશ્નો' વિષે ડૉ. દિપીકાબેન પાઠકજીએ પ્રવચનો કર્યા. ૨૭મીએ 'ભારતસમાજ પૂજાવિધાન' સુશ્રી પ્રતિભાબેન પારેખ દ્વારા સંપન્ન થયું.
- **રેવા લોજ, વડોદરા :- (દર રવિવારે સવારે ૯.૩૦ થી ૧૦.૩૦) :** જુલાઈ દરમિયાન ૩જીએ 'ધર્મિષ્ઠ મન' (જે. કૃ.ના પુસ્તક આધારિત) વિષે શ્રી હર્ષદભાઈ દવે, ૧૦મીએ 'ગુરુપૂર્ણિમા' વિષે શ્રી ઉદયભાઈ પાકાવાલા, ૧૭મીએ 'મારે જાવું સામે પાર' વિષે શ્રીમતિ 'રાજેશ્વરીબેન દવે' અને ૨૪મીએ 'મૃત્યુ એટલે શું ?' વિષે શ્રી નિખિલભાઈ દેસાઈએ પ્રવચનો કર્યા. ૩૧મીએ સર્વ સભ્યો દ્વારા 'ભારત સમાજ પૂજા' અને 'શાતાવાહક વિધિ' કરવામાં આવી.

RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2021/2023 valid upto 31st December-2023 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.


**Printed Matter Periodicals** **THEOSOPHIC JYOTI** **August–2022**

**To :**

**If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH**
**9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.**

## આપણો પુસ્તક પ્રેમ...

(પ્રસ્તુતિ : શ્રી પ્રવિણ માંડલિયા)




## અષ્ટાંગ યોગ

નિરૂપણ : ડૉ. રોહિત મહેતા
સંકલિત ભાવાનુવાદ : સ્વ. યોગેશ દેસાઈ
પ્રકાશક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

'અષ્ટાંગ યોગ' પુસ્તકમાં પતંજલ યોગદર્શનનાં બીજા અને ત્રીજા ખંડમાં આવેલ મંત્રો ઉપર સ્વ. રોહિત મહેતાએ જે વિચારો પ્રદર્શિત કર્યા છે તે પુસ્તક **Yoga – the Art of Integration** માંથી લીધાં છે.

આ પુસ્તક ફેડરેશનનાં સભ્યોના આત્મચિંતન માટે ઉપયોગી નીવડશે.

આ પ્રથમ આવૃત્તિનો છપાઈ ખર્ચ સ્વ. યોગેશ દેસાઈ અને તેમનાં કુટુંબીજનો તરફથી મળેલ છે. પુસ્તકની કિંમત રૂા. ૧૨=૦૦ છે.

*પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ*
*માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧*
*મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦*

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH